# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NACC "B" Grade (2.21)State University
પો.બો.નં. - ૨૧ યુનિવર્સિટી રોડ,પાટણ (ઉ.ગુ.)૨૮૪૨૬૫

ફોન : (૦૨૭૬૬)૨૩૭૦૦૦ ફેક્સ : (૦૨૭૬૬)૨૩૧૯૧૭
Email : regi@ngu.ac.in website : www.ngu.ac.in


પરિપત્ર : ૧૪૪ ૨૦૨૬

વિષય :- એલિજિબિલિટી સર્ટીફીકેટ મેળવવા અંગે

સંદર્ભ :- ૧. આ કાર્યાલયના પરિપત્ર ૯૦/૨૦૨૫ તારીખ. ૦૯/૦૫/૨૦૨૫

૨. એકેડેમિક કાઉન્સિલની તારીખ. ૨૬/૦૬/૨૦૨૬ ની સભાના ઠરાવ નંબર ૭.૬૪

આ યુનિવર્સિટી કેમ્પસના વિભાગના અધ્યક્ષશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ તેમજ સંલગ્ન વિવિધ કોલેજોના આચાર્યશ્રીઓ ને જણાવવાનું કે , ગુજરાત માધ્યમિક બોર્ડ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સિવાય ના અન્ય બોર્ડ / અન્ય યુનિવર્સિટી માં અભ્યાસ કરી આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજ / વિભાગમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીએ પહેલા ERP પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી કામચલાઉ એલિજિબિલિટી સર્ટીફીકેટ (PEC) ફરજીયાત મેળવી લેવાનું રહેશે. જે મળ્યાબાદ જ પ્રવેશ કાર્યવાહી કરવી.

PEC મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ નંબર જનરેટ થયાના વધુમાં વધુ એક માસ માં માઈગ્રેશન જમા કરાવી ફાઈનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ (FEC) મેળવી લેવાના રહેશે. એક માસ બાદ માઈગ્રેશન જમા કરાવનાર વિદ્યાર્થી પાસેથી રૂપિયા ૫૦૦/- લેઇટ ફી વસુલવામાં આવશે.

વધુમાં GCAS મારફતે પ્રવેશ મેળવી PEC મેળવ્યા બાદ વિદ્યાર્થી પ્રવેશ ના અન્ય રાઉન્ડમાં યુનિવર્સિટી સંલગ્ન અન્ય કોલેજમાં પ્રવેશ મેળવે તેવા કિસ્સામાં વિદ્યાર્થીએ ERP પોર્ટલ પર કોલેજ ચેન્જની રીક્વેસ્ટ નાખી PEC સુધારી લેવાનું રહેશે. જેથી એનરોલમેન્ટ ની કાર્યવાહી સમય મર્યાદામાં થઇ શકે. .

સદર પરિપત્ર વિદ્યાર્થીઓના વંચાણે નોટીસ બોર્ડ મુકવો
માન .કુલસચિવશ્રી ના ફાઈલ પર મળેલ આદેશાનુસાર

કુલસચિવ

એકે/ એલિજિબિલિટી/ ૨૬૫૮ / ૨૦૨૬
તારીખ. ૧૬/૦૭/ ૨૦૨૬

પ્રતિ,
આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ યુનિવર્સિટી કેમ્પસના વિભાગના અધ્યક્ષશ્રીઓ/કો.ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.

નકલ રવાના જાણ સારૂ :

૧. માન.કુલપતિશ્રી/કુલપતિશ્રીનુ કાર્યાલય, હેમ,ઉ.ગુ. યુનિવર્સિટી,પાટણ
૨. ઇન્ચાર્જ ઓફિસરશ્રી સબ સેન્ટર ખેડબ્રહ્મા કેમ્પસ.મુ.વડાલી,જિ.સાબરકાંઠા(હેમ,ઉ.ગુ. યુનિવર્સિટી,પાટણ)
૩. કા.સિસ્ટમ એનાલીસ્ટશ્રી કોમ્પુટર સેન્ટર,( યુનિવર્સિટી ની વેબસાઈટ પર મુકવા સારૂ)
૪. યુનિવર્સિટી પુછપરછ બારી, હેમ,ઉ.ગુ. યુનિવર્સિટી,પાટણ
૬. મહેકમ અધિકારીશ્રી ,મહેકમ શાખા (પરિપત્ર)
૫. સબંધિત ફાઈલે